**CR. EN નં. ૧૦૫/૨૦૨૩**

:: **આંક– ૧ લગત હુકમ** ::

(૧) આ કામના ફરીયાદીએ તા.૧૫.૦૫.૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટમાં આ કામના આરોપીઓ/સામાવાળાઓ વિરૂઘ્ધ ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૩૫૧, ૩૫૨,૩૯૪,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા ૧૬૬(એ) મુજબની ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદની હકીકત ઘ્યાને લેતા આ કામના આરોપી નં. ૧ રાજેન્દ્રસિંહ કેશરીસિંહ ચૌહાણ, આરોપી નં.૨ જયેન્દ્રસિંહ કેશરીસિંહ ચૌહાણ, આરોપી નં.૩ અજાણ્યો ઈસમ, આરોપી નં.૪ વિજયસિંહ સજુભા બ.નં. ૧૦૯૬ વિગેરે સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને એવો આક્ષેપ કરે છે કે ''ગત તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ અમો ફરીયાદી અમારા કોર્ટ કચેરી તથા અમારી ઓફીસના કામ પુર્ણ કર્યા બાદ સાંજના આશરે ૦૫:૩૦ વાગ્યે કસરત કરવા સારુ સુથાર ફળીયા, પીરામણ નાકા ગયેલ અને ત્યાથી કસરતનો કાર્યક્રમ પુર્ણ કર્યા બાદ અમો ફરિયાદી આશરે ૦૭:૪૫ વાગ્યે અમારી મોટર સાયકલ લઈ મો.સા.નં :જી.જે. ૧૬ બી.એફ . ૨૨૨૮ પર ઘરે જતા હતા ત્યારે સેક્રોન આર્કેડ, ભીડભંજન મંદિરની બાજુમાં, અમારા મોટર સાયકલ ને પાછળથી ફોર વ્હીલર ગાડી નં: જી.જે. ૧૬ સી.એચ. ૨૦૮૦ એ ટક્કર મારેલ પરંતુ અમારી સ્પીડ લીમીટ ૩૦ કિમી ની ઝડપે હોય અમારું માત્ર બેલેન્સ બગડેલ જેથી અમોએ કાઈ પણ ધ્યાન આપેલ નહિ પરંતુ ફોર વ્હીલરમાં બેસેલ તહોમતદાર નં:૧ થી ૩ અમારી રોંગ સાઈડમાં આગળ આવી ગાડીનો દરવાજાનો કાચ ઉતારી અમોને ગાળો દઈ જેમ તેમ બોલવા લાગેલ પરંતુ વધતા જતા ટ્રાફિકના કારણે આવી સમસ્યા ખુબ કોમન (સામાન્ય) થઈ ગઈ હોવાથી અમોએ કાઈ ધ્યાન આપેલ નહિ. અને અમારા ઘર તરફ ગાડી હંકારી ગયેલ. પરંતુ આશરે અડધો (૦.૫) કિ.મી. એટલે કે અમારી સોસાયટી સુધી ફોર વ્હીલરમાં બેસેલ તહોમતદાર નં: ૧ થી ૩ અમારો પીછો કરતા આવેલ અને અમો અમારી સોસાયટી તરફ વળેલ ત્યારે તેઓએ પોતાની ગાડીમાંથી બુમો પાડી, માં–બેન સમાની ગાળો દઈ અમોને અટકાવેલા અને તહોમતદાર

નં:૨ અને ૩ અમારી પાસે આવી અમોને પકડી લઈ જોર જબર–જસ્તી કરી અમોને ઢીંકા–પાટુંનો માર મારવા લાગેલ અને તહોમતદાર નં:૧ એ અમોને ઢસેડીને પોતાની ગાડીમાં નાખવાનો પ્રયાસ કરેલ પરંતુ જાહેર રસ્તો હોય અમુક વાહન ધીમા પડેલા જેથી તેઓ ત્યાંથી ચાલવા લાગેલ અને જતા–જતા તહોમતદાર નં:૨ એ અમારી ફેંટ પકડી જણાવેલ કે "તારું ઘર જોઈ લીધું છે તને ગમે ત્યારે ઘરમાં ઘૂસીને મારશું અને બોવ હોશિયારી મારી તો જાનથી મારી નાખીશું. તારી સોસાયટીમાં રહેતા સ્નેહલ પટેલને જઈને પૂછ કે અમો કોણ છે. રાતો–રાત ગાયબ કરી નાખીશું." અને અમોને ધક્કો મારી ફેંકી દઈ ત્યાંથી નાસી ગયેલા. સદરહુ બનાવ વખતે અમોને તહોમતદારોની ઓળખની જાણકારી કે માહિતી ના હતી તેમ છતાં અમારી સાથે બનેલ બનાવ અંગેની ફરિયાદ તારીખ : ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ સાંજના આશરે ૮:૧૫ વાગ્યે પોલીસ સ્ટેશન શહેર પોલીસ સ્ટેશન અધિકારી ને ફરિયાદ લખાવેલી તે સમયે તહોમતદાર ઓળખ વિષે માહિતી ન હતી. ઉપરોક્ત જણાવેલ સદર હકીકતની માહિતી અમોએ અંકલેશ્વરના સીટી પોલીસ સ્ટેશન "એ" ડીવીઝનમાં તાત્કાલિક તારીખ : ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ સાંજના ૦૮:૧૫ વાગ્યે અરજી લખાવેલ જે ગુનાઓ પોલીસ અધિકારના હોવા છતાં તહોમતદારો વિરુદ્ધ ઈ.પી.કો. ની કલમ ૩૨૩, ૩૫૧,૩૫૨,૩૯૪, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ ના પોલીસ અધિકારના ગુનાઓ અંગેની એફ.આઈ.આર. કરેલ નહિ તેમજ મનસ્વી રીતે પોલીસ કર્મચારીએ અરજી સ્વરૂપમાં લઈ તપાસ કરવા જણાવેલું. અમોએ તારીખ : ૧૪/૦૨/૨૦૨૩ ના રોજ વિજયસિંહ સુવાડા નામના પોલીસ કર્મચારીને ફરિયાદ વિષે જાણવા ફોન કરેલ અને જરૂરી માહિતી પૂરી પાડેલ તથા અમોએ જાતે તપાસ કરતા જે કાઈ માહિતી મળી તથા એક સ્નેહલ પટેલનો મોબાઈલ નંબર મળેલ તે તમામ પોલીસને પુરા પાડેલા પરંતુ પોલીસ દ્વારા ઘણા દિવસો સુધી એફ.આઈ.આર. કરી તહોમતદારની ધરપકડ કરવામાં ન આવતા. અને અમોને સદરહ પોલીસ કર્મચારીઓ દ્વારા સદરહુ ગુના બાબતે આરોપીઓ સાથે સમાધાન માટે દબાણ કરવામાં આવેલ. આમ પોલીસ દ્વારા સદર ગુન્હા અંગે એફ.આઈ.આર. ફાડી તેની નકલ અમોને પૂરી પડ્યા વિના મનસ્વી રીતે અરજીના સ્વરૂપમાં લઈ તહોમતદારને મદદરૂપ થવાના આશયથી ઉપર

જણાવેલ રીતે ગેરવર્તન કરેલ અને અમારી ફરિયાદને અવગણેલ. આમ તહોમતદારને બચાવવા સારું તપાસ કરવાનો ડોર કરી ફરિયાદ તક્ષે ચઢાવતા અમોએ તારીખ : ૨૪/૦૨/૨૦૨૩ ના રોજ પી.આઈ.સાહેબને લેખિતમાં ફરિયાદ કરેલી તેથી નાછૂટકે પોલીસે તારીખ : ૨૬/૦૨/૨૦૨૩ ના રોજ અમારું નિવેદન લીધેલ જે નિવેદનમાં અમોએ સદર તહોમતદારોની ઓળખ આપેલ છે અને દરેક નો રોલ પણ જણાવેલ છે જે નિવેદનની નકલ પણ અમોને પૂરી પાડેલ નથી અને આર.ટી.આઈ. થી સદરહુ નિવેદનની નકલ વિગેરે માહિતી માંગતા તે પણ આપેલ નથી અને અમારી વિરુદ્ધ ફરિયાદ કરવાની તહોમતદારોને સમજ આપી અમોને દબાણમાં લેવા અમારી વિરુદ્ધ તહોમતદારો પાસે ખોટી અરજી/ફરિયાદ અમારી ફરિયાદના આશરે ૨૦ દિવસ પછી કરાવવામાં આવેલ છે. ત્યાર બાદ અમો ફરિયાદીએ અંકલેશ્વરના શહેરના પી.આઈ. સાહેબને લેખિતમાં ફરિયાદ આપેલ તે બાબતે તારીખ : ૦૩/૦૩/૨૦૨૩ ના રોજ પી.આઈ. સાહેબને રૂબરૂ મળવા ગયેલા અને પી.આઈ.સાહેબે અમોને જણાવેલ કે સદર અરજી કે ગુન્હા બાબતની તેઓને પુરેપુરી માહિતી નથી અને તહોમતદારો સામે કોઈ કાર્યવાહી ના થતા અમો ફરીથી તારીખ : ૦૬/૦૩/૨૦૨૩ ના રોજ પી.આઈ.સાહેબને રૂબરૂ મળવા ગયેલ પરંતુ અમોને પી.આઈ.સાહેબ દ્વારા એમ સમજાવવામાં આવેલ કે તમે ફરિયાદ આપશો કે અમો તહોમતદાર વિરુદ્ધ ગુન્હો નોધીશું તો તમારી સામે પણ અમારે ગુન્હો નોધીશું એ રીતે ગભરાવવાનો પ્રયત્ન કરેલો. અને આજ દિન સુધી આરોપીઓ સામુ કોઈ ગુન્હો નોંધવામાં આવેલ નથી. તેથી દરમ્યાન અમોએ તા:.૦૭/૦૩/૨૩૨૩ ના રોજ ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષને ફરિયાદ કરેલી તેમજ નાયબ કલેકટર અંકલેશ્વર તથા જીલ્લા કલેકટર ભરૂચ તથા ગૃહ મંત્રી, મુખ્ય મંત્રી વિગેરે ને અરજીઓ કરેલ છતાં અમારી ફરિયાદ સંદર્ભે કોઈ કાર્યવાહી પોલીસે કરેલ નથી તેથી આપ સાહેબ સમક્ષ આ ફરિયાદ આપવાની ફરજ પડેલ છે.

આમ આરોપીઓ અમારા માટે અજાણ્યા ઈસમો હોય અને તેઓ માટે પણ અમો અજાણ્યા વ્યક્તિ હોયે પોલીસ સાહેબ દ્વારા અમારી વિષે આરોપીઓને તમામ માહિતી આપી અમારું નામ, વ્યવસાય, મોબાઈલ નંબર.સરનામું તથા ગાડી નંબર વિગેરે માહિતી આપેલ છે અને આરોપીઓને

અમારી વિરુદ્ધ ખોટા કેસો કરવા, છટકવા તથા આરોપીને ખોટા બચાવ અંગેના ખોટા પુરાવા ભેગા કરવા સારું તમામ રીતે સાથ સહકાર આપી અમોને ફરીયાદ ના કરવા દબાણ કરવાના કાવતરા રચેલ છે આમ આજદિન સુધી અમોને પોલીસ સાહેબ પાસેથી કોઈ સાથ સહકાર ના મળતા કે અમારી સાથે બનેલ સદર કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોય છતાં સદર ગુન્હા અંગેની એફ.આઈ.આર.(F.I.R.) નોંધવામાં ન આવતા અમો ફરિયાદીને આપ સાહેબને આ ફરિયાદ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે."

(૨) સદર ફરીયાદ અન્વયે મારા પુરોગામી જજશ્રી દવારા ફરીયાદીનુ વેરીફીકેશન લેવામાં આવેલ છે. ઉપરોકત ફરીયાદ, વેરીફીકેશન તેમજ ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા, મારા પુર્વગામી જજશ્રી ધ્વારા તા.૧૫/૦૫/૨૦૨૩ ના રોજ સીઆર.પી.સી. કલમ–૨૧૦ અંતર્ગત અંકલેશ્વર શહેર એ ડીવી. પોલીસ સ્ટેશનને દિન–૩૦ માં રીપોર્ટ કરવા આદેશ કરેલ છે જેના અનુસંધાને તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ પોલીસ ઈન્સપેકટરશ્રીની કચેરી અંકલેશ્વર શહેર એ ડીવી. પોલીસ સ્ટેશન તરફથી રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે જે આ કામે આંક–૩ થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાની વધુ તપાસ માટે મારા પુરોગામી જજશ્રી દવારા તા.૯/૧/૨૦૨૪ ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, અંકલેશ્વર નાઓને હુકમ કરી રીપોર્ટ કરવા હુકમ કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષક, અંકલેશ્વર દવારા તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજનો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે જે આ કામે આંક – ૬ થી રજુ છે.

ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રીને પોલીસ રીપોર્ટ બાબતે સાંભળ્યા, ફરીયાદીશ્રીએ આંક–૫ થી પોલીસ અહેવાલ સામે લેખીત વાંધાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. તેમજ ફરીયાદી તરફે આંક– ૭ અને આંક– ૧૮ થી લેખીત દલીલ રજુ થયેલ છે જે વંચાણે લીધી. તેમજ દલીલોના સમર્થનમા નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટના ચુકાદાઓ રજુ

કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

(૩) ફરીયાદની હકીકત વંચાણે લીધી તેમજ આ કામે રજુ થયેલ તપાસ કરનારનો રીપોર્ટ તેમજ રજુ થયેલ પુરાવા લીસ્ટના દસ્તાવેજો વંચાણે લીધા બાદ તેમજ ફરીયાદીના વ.શ્રીને સાંભળ્યા, તેઓ જણાવે છે કે આ કામે રજુ થયેલ આંક–૩ અને આંક–૬ ના પોલીસ રીપોર્ટમા ખરી હકીકત જણાવેલ નથી. જેથી આ બંને પોલીસ રીપોર્ટને માની શકાય નહિ. આ બંને રીપોર્ટોનો અભ્યાસ કર્યા બાદ પોલીસ દવારા બંને પક્ષોને તેમની રુબરુ બોલાવી તપાસ કરતા કોઈ પ્રત્યક્ષ સાહેદો મળી આવેલ ન હોવાનુ જણાવેલ છે તેમજ બંને પક્ષો પાસેથી સીઆર.પી.સી. કલમ–૧૦૭,૧૫૧ મુજબ અટકાયતી પગલા લઈ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અંકલેશ્વર સાહેબશ્રી સમક્ષ રજુ કરી વચગાળાના જામીન લેવામા આવેલ છે. તે સિવાય સદર ગુનાની કોઈ વિશેષ તપાસ કરેલ હોવાનુ જણાય આવતુ નથી. વધુમાં, બંને પક્ષો વચ્ચે સૌ પ્રથમ જે એકસીડન્ટનો બનાવ બનેલો તે જગ્યા જાહેર જગ્યા હોય અને ત્યા આજુબાજુમા સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ મળી આવે તેવી સંભાવના હોય તે દિશામાં કોઈ તપાસ કરેલ નથી તેમજ, બંને પક્ષો વચ્ચે જે બીજો બનાવ બનેલ તે ફરીયાદીના સોસાયટીના ગેટ પાસે બનેલ હોવાનુ જણાય આવે છે જયા આજુબાજુમા રહેતા કોઈ વ્યકિતઓના નિવેદન લીધેલ હ ોય કે કોઈ વ્યકિતને આ બનાવ વિશે પુછપરછ કરેલ હોય તેવુ તેમના પોલીસ રીપોર્ટમાં જણાય આવતુ નથી. આથી આંક–૩ અને આંક–૬ થી રજુ થયેલ બંને તપાસના રીપોર્ટો ઉપર સંપુર્ણપણે આધાર રાખી શકાય તેમ નથી.

આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદમાં જે આક્ષેપો કરેલ છે તે મુજબ આ કામના સામાવાળા નં.૧ થી ૩ નાઓએ ફરીયાદીની મોટર સાયકલને પાછળથી ટકકર મારેલ છે તેમજ, ત્યાથી ફરીયાદીનો પીછો કરી ફરીયાદીના રહેણાંક વિસ્તાર સુધી તેમનો પીછો કરી ફરીયાદીને સામાવાળા નં.૧ થી ૩

નાઓએ માર મારેલ છે જે બાબતે ફરીયાદીએ આ કામે આંક–૯ થી સાહેદ મનીષકુમાર હિમુભાઈ દિક્ષીતને કોર્ટ સમક્ષ સાહેદ તરીકે તપાસેલ છે. આ સાહેદે ફરીયાદની હકીકતને સમર્થન કરેલ છે તેમજ, કહેવાતો બનાવ બની ગયા બાદ આ કામના ફરીયાદીએ તેમના વિરુધ્ધ થયેલ કૃત્યની જાણ અંકલેશ્વર એ ડીવી. પો.સ્ટે.માં તેમજ ડી.એસ.પી. કચેરી ભરૂચ, ભરૂચ જીલ્લા કલેકટર સાહેબશ્રી, ગૃહ અને પોલીસ હાઉસીંગ રાજય કક્ષાના મંત્રીશ્રીને  કરેલ છે તેમજ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને લેખીતમાં ફરીયાદ મોકલેલ હોવાનુ જણાય આવે છે એન તે મુજબ તેઓએ આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

આ કામના સામાવાળા નં.૧ થી ૩ નાઓએ ફરીયાદીને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી તેમજ, ઢીકાપાટુનો માર મારેલ હોવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદીએ આ કામે કોઈ સારવાર સર્ટીફીકેટ રજુ કરેલ નથી પણ ફરીયાદીએ જે આક્ષેપો સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ કરેલ છે તેમા પ્રથમ દર્શનીય રીતે તથ્ય હોવાનુ જણાય આવે છે અને આ કામના ફરીયાદીએ સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારુ સબંધિત પોલીસ સ્ટેશનને તથા અન્ય જગ્યાએ કાર્યવાહી કરેલ છે પણ તેમની ફરીયાદ અન્વયે કોઈ કાર્યવાહી ન થતા તેઓએ હાલની ફરીયાદ નામ.કોર્ટમા દાખલ કરેલ છે. ફરીયાદીએ આ કામના સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ કોઈ તથ્ય વિનાની ફરીયાદ કરેલ હોય તેવા કોઈ કારણો જણાય આવતા નથી.હાલના તબકકે આરોપી સામે પ્રથમ દર્શનીય પુરાવો છે કે કેમ તે જોવાનુ રહે છે તેવા સંજોગોમાં આ કામના ફરીયાદી એ ભોગ બનનાર વ્યકિત છે અને તેઓએ તેમની ફરીયાદ સોગંદનામા ઉપર જાહેર કરેલ છે તેવા સંજોગોમાં આ કામના આરોપી નં. ૧ થી ૩ સામે પ્રથમ દર્શનીય પુરાવો હોવાનુ ઉપરોકત કારણોસર જણાય આવે છે.

આ કામના ફરીયાદી કહેવાતો બનાવ બની ગયા બાદ અંકલેશ્વર એ. ડી.વી. પો.સ્ટે. અને ત્યારબાદ તેમની ફરીયાદ અન્વયે કાર્યવાહી કરવા માટે અન્ય કચેરીએ અરજીઓ મોકલાવેલ હતી તેમ છતા તેમની અરજી અન્વયે કોઈ કાર્યવાહી થયેલ નથી અને છેલ્લે તેઓએ નામ.કોર્ટ સમક્ષ તેમની સાથે બનેલ ઘટના બાબતે ફરીયાદ દાખલ કરેલ છે ત્યારે સામાન્ય સંજોગોમાં લોકો ફરીયાદ કરવા ટાળતા હોય છે પણ હાલના કેસમાં ફરીયાદીએ તેમની સાથે બનેલ બનાવ બાબતે ફરીયાદ કરવા સારુ તમામ કચેરીઓમાં અરજી કરવા છતા તેમની ફરીયાદ અન્વયે કોઈ સુનવણી ન થતા ત્યારે કોર્ટ સમક્ષ આવતી ફરીયાદમાં ફરીયાદીને સાંભળી તેમને પુરાવો રજુ કરવા પુરતી તક આપવી જોઈએ તેવુ આ કોર્ટનુ માનવુ છે અને ફરીયાદી ખોટી રીતે, ખોટા કારણોસર સામાવાળા નં.૧ થી ૩ તરફે ખોટી ફરીયાદ કરે તેવા કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ હાલના તબકકે જણાય આવતુ નથી.

આમ ઉપર ચર્ચા કરી તે મુજબ હાલના તબકકે ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામા આવેલ છે તેમા આરોપી/સામાવાળા નં. ૧ થી ૩ સામે ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ, ફરીયાદીને ઢીકાપાટુનો માર મારવામાં આવેલ હોય તે હકીકત ધ્યાને લેતા, આ કામના આરોપી/સામાવાળા નં. ૧ થી ૩ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ ઈસ્યુ કરી શકાય તેટલો પુરાવો મળી આવેલ હોય. ફરીયાદીએ આ કામના સામાવાળા નં.૪ સામે જે આક્ષેપ કરેલ છે તે હકીકત વંચાણે લેતા તથા આ કામે રજુ થયેલ પોલીસ તપાસનો અહેવાલ જે આ કામે આંક–૩ અને ૬ થી રજુ છે. તે વંચાણે લેતા, સદર ગુનાની તપાસ અનાર્મ હેડકોન્સ્ટેબલ બી.એ.શેખ અંકલેશ્વર એ.ડીવી પોલીસ સ્ટેશન ધ્વારા કરવામાં આવેલ હતી તેમજ નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર ડીવી. ધ્વારા પણ સદર ગુનાની તપાસ કરવામાં આવેલ હતી. જેમાં આ કામના સામાવાળા

નં.૪ જેઓ બનાવના સમયગાળા દરમ્યાન અંકલેશ્વર શહેર એ. ડીવી માં ફરજ બજાવતા હતા. તેમની સામે ફરજમાં બેદરકારી બાબતે પ્રથમદર્શનીય પુરાવો તમામ રેર્કડ જોતા જણાઈ આવતુ નથી. તેમની ફરજ દરમ્યાન જે કાર્યવાહી કરવાની હતી તે મુજબની કાર્યવાહી કરેલ હોવાનુ પોલીસ તપાસના અહેવાલમાં જણાઈ આવે છે. જેથી આ કામના સામાવાળા નં.૪ સામે પ્રથમદર્શનીય કોઈ પુરાવો ન હોય તેમની સામે હાલની ફરીયાદ સી.આર.પી.સી કલમ–૨૦૩ મુજબ રદ કરવામાં આવે છે.

વધુમાં, તહોમતદાર નં.૧ થી ૩ વિરુધ્ધ ઉપરોક્ત તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૦૧) આ કામના આરોપી/સામાવાળા નં. (૧) રાજેન્દ્રસિંહ કેશરીસિંહ ચૌહાણ, (૨) જયેન્દ્રસિંહ કેશરીસિંહ ચૌહાણ, બંને રહે. સજોદ ગામ, અંકલેશ્વર, જી.ભરૂચ, (૩) ચંદ્રસિંહ કેશરીસિંહ ચૌહાણ, રહે. માઠા ફળીયુ, એસ.બી.આઈ. બેંક સામે, સજોદ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ વિરુધ્ધ ઈ.પી. કો. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ મુજબની ફરીયાદ અન્વયે સી.આર.પી. સી. ની કલમ– ૨૦૪ મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૦૨) ફરીયાદીએ આરોપી/સામાવાળા નં. ૧ થી ૩ ની નકલ રજુ કરવી.

(૦૩) સદર ઈન્કવાયરી નંબરને ક્રિમિનલ કેસ તરીકે રજીસ્ટર કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૮.૦૭. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૮.૦૭.૨૦૨૬**
**સ્થળ : અંકલેશ્વર**

**(વિનય વાગીશદત્તા શુકલા)**
**ત્રીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**અંકલેશ્વર**
**કોડ નં. જીજે૦૧૩૪૩**